Extra No. 215

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] TUESDAY, JUNE 17, 2025 / JYAISTHA 27, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદાના પત્ર જા.નં. બોર્ડ/પુરક પરીક્ષા-૨૦૨૫/જાહેરનામા/૪૧૪૧ થી ૪૨, તા.૦૯/૦૬/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૭૧૫૨ થી ૭૧૮૭/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જૂન/જુલાઈ-૨૦૨૫ માં યોજાનાર ધોરણ-૧૦(એસ.એસ.સી.) અને ધોરણ-૧૨(એચ.એસ.સી.) વિજ્ઞાનપ્રવાહ/સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષા તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમિયાન જિલ્લામાં નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે.

એસ.એસ.સી. ધો.-૧૦ પુરક પરીક્ષા. જૂન/જુલાઈ-૨૦૨૫

અ.નં.	કેન્દ્રનું નામ અને નંબર	પરીક્ષા સ્થળનું નામ અને સરનામું	ફાળવેલ બ્લોકની સંખ્યા
૧	રાજપીપળા - ૬૩૭	શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ, રાજપીપળા, તા.નાંદોદ	૧૦
૨		કલરવ માધ્યમિક શાળા, રાજપીપળા, તા.નાંદોદ	૧૦
૩		માય સાનેન સ્કૂલ, વડીયા, તા.નાંદોદ	૧૦

એચ.એસ.સી. ધો.-૧૨ પુરક પરીક્ષા, જૂન/જુલાઈ-૨૦૨૫ (સામાન્ય પ્રવાહ)

અ.નં.	કેન્દ્રનું નામ અને નંબર	પરીક્ષા સ્થળનું નામ અને સરનામું	ફાળવેલ બ્લોકની સંખ્યા
૧	ગરુડેશ્વર - ૨૬૦૩	માધ્યમિક અને ઉચ્ચત્તર મા. શાળા, ગરૂડેશ્વર, તા.ગરુડેશ્વર	૦૬

એચ.એસ.સી. ધો.-૧૨ પુરક પરીક્ષા, જૂન/જુલાઈ-૨૦૨૫ (વિજ્ઞાન પ્રવાહ)

અ.નં.	કેન્દ્રનું નામ અને નંબર	પરીક્ષા સ્થળનું નામ અને સરનામું	ફાળવેલ બ્લોકની સંખ્યા
૧	રાજપીપળા - ૨૬૦૧	શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય, રાજપીપળા, તા.નાંદોદ	૧૨
૨		શ્રી એસ.આર. મહિડા કન્યા વિનયમંદિર, રાજપીપળા	૦૬

સદર પરીક્ષાઓની વિશ્વસનિયતા વધે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને ન્યાય મળી રહે, ગેરરીતિઓ અટકાવી શકાય તે માટે પરીક્ષાને લગતા કોઈ સાહિત્ય, પ્રશ્નપત્ર, જવાબવહી, કાપલીઓની ઝેરોક્ષ ન થાય તે આશયથી નર્મદા જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોના સંચાલકોને ઉપરોક્ત પરીક્ષા દરમિયાન પરીક્ષાલક્ષી સાહિત્યની ઝેરોક્ષ નકલ કાઢવા પર પ્રતિબંધ મુકવા તથા સદર પરીક્ષા કેન્દ્ર સ્થળો પર બેસતા પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પરીક્ષા કેન્દ્ર સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ તથા વંચાણ-(૨)થી મળેલ સત્તાની રૂએ તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમિયાન સવારના ૦૯:૩૦ કલાકથી ૧૯:૩૦ કલાક સુધી નર્મદા જિલ્લાના વિસ્તારમાં ધોરણ-૧૦ (એસ.એસ.સી.) અને ધોરણ-૧૨(એચ.એસ.સી.) વિજ્ઞાનપ્રવાહ/સામાન્યપ્રવાહની પુરક પરીક્ષાના ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રો તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી, નીચે મુજબના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

// પ્રતિબંધિત કૃત્યો //

(૧) ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રો તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ વિસ્તારમાં પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં તેમજ પરીક્ષા સ્થળોની આસપાસ બિનજરૂરી ભેગા થવું નહીં.

(૨) નર્મદા જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોમાં તેના માલિકો/સંચાલકો જાહેર પરીક્ષાને લગતા કોઈ પણ સાહિત્ય, પ્રશ્નપત્ર, જવાબવહી તથા કાપલીઓની ઝેરોક્ષ નકલ કાઢી શકશે નહીં.

(૩) પરીક્ષાના સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોના સંચાલકોને તેઓના ઝેરોક્ષ મશીનો બંધ રાખવાના રહેશે.

(૪) ઉપરોક્ત પરીક્ષા દરમ્યાન કોઈ પણ ઈસમે કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખન કાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાન ભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહીં. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, મોબાઈલ, કેલક્યુલેટર વગેરે જેવી ઈલેક્ટ્રોનિક આઈટમ તથા પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

// સમયગાળો //

આ જાહેરનામાની અમલવારી તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમિયાન પરીક્ષાના દિવસોમાં સવારના ૦૯:૩૦૦ કલાકથી ૧૯:૩૦ કલાક સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૧૬મી જુન, ૨૦૨૫

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

// **વંચાણે લીધું** //

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદાના પત્ર જા.નં. બોર્ડ/પુરક પરીક્ષા-૨૦૨૫/જાહેરનામા/૪૧૪૧ થી ૪૨, તા.૦૯/૦૬/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ -૩૩(૧)આર(૩) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૭૧૮૮ થી ૭૨૨૩ /૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જૂન/જુલાઈ-૨૦૨૫ માં યોજાનાર ધોરણ-૧૦(એસ.એસ.સી.) અને ધોરણ-૧૨(એચ.એસ.સી.) વિજ્ઞાનપ્રવાહ/સામાન્યપ્રવાહની પુરક પરીક્ષા તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમિયાન જિલ્લામાં નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે.

એસ.એસ.સી. ધો.-૧૦ પુરક પરીક્ષા. જૂન/જુલાઈ-૨૦૨૫

અ.નં.	કેન્દ્રનું નામ અને નંબર	પરીક્ષા સ્થળનું નામ અને સરનામું	ફાળવેલ બ્લોકની સંખ્યા
૧	રાજપીપળા - ૬૩૭	શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ, રાજપીપળા, તા.નાંદોદ	૧૦
૨		કલરવ માધ્યમિક શાળા, રાજપીપળા, તા.નાંદોદ	૧૦
૩		માય સાનેન સ્કૂલ, વડીયા, તા.નાંદોદ	૧૦

એચ.એસ.સી. ધો.-૧૨ પુરક પરીક્ષા, જૂન/જુલાઈ-૨૦૨૫ (સામાન્ય પ્રવાહ)

અ.નં.	કેન્દ્રનું નામ અને નંબર	પરીક્ષા સ્થળનું નામ અને સરનામું	ફાળવેલ બ્લોકની સંખ્યા
૧	ગરુડેશ્વર - ૨૬૦૩	માધ્યમિક અને ઉચ્ચત્તર મા. શાળા, ગરૂડેશ્વર, તા.ગરુડેશ્વર	૦૬

એચ.એસ.સી. ધો.-૧૨ પુરક પરીક્ષા, જૂન/જુલાઈ-૨૦૨૫ (વિજ્ઞાન પ્રવાહ)

અ.નં.	કેન્દ્રનું નામ અને નંબર	પરીક્ષા સ્થળનું નામ અને સરનામું	ફાળવેલ બ્લોકની સંખ્યા
૧	રાજપીપળા - ૨૬૦૧	શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય, રાજપીપળા, તા.નાંદોદ	૧૨
૨		શ્રી એસ.આર. મલિડા કન્યા વિનયમંદિર, રાજપીપળા	૦૬

સદરહુ પરીક્ષા દરમિયાનપરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે પરીક્ષા સ્થળોની આસપાસના વિસ્તારોમાં લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)આર(૩) તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમિયાન સવારના ૦૯:૩૦ કલાકથી ૧૯:૩૦ કલાક સુધી નર્મદા જિલ્લાના વિસ્તારમાં ધોરણ-૧૦ (એસ.એસ.સી.) અને ધોરણ-૧૨(એચ.એસ.સી.) વિજ્ઞાનપ્રવાહ/ સામાન્યપ્રવાહના નિયમિત/ રીપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાના ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે. સીસ્ટમ બેફામ, મનસ્વી રીતે તથા મોટા અવાજે વગાડવું નહીં તેમજ લાઉડ સ્પીકરનો અવાજ મકાનની બહાર જાય તે રીતે લાઉડ સ્પીકર વગાડવું નહીં.

// **સમયગાળો** //

આ જાહેરનામાની અમલવારી તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમિયાન પરીક્ષાના દિવસોમાં સવારના ૦૯:૩૦ કલાકથી ૧૯:૩૦ કલાક સુધી કરવાની રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૧૬મી જુન, ૨૦૨૫

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.06.26 13:24:23 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara